


પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંકઃ ૩ | માર્ચ-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**સદ્‌ગુરુશ્રીના માર્ગદર્શન હેઠળ ‘માટી બચાવો’ અભિયાનની દિશામાં બનાસ ડેરી**

**બનાસકાંઠાના ‘નવા’ ગામનું નવું કદમઃ દેશમાં સૌપ્રથમ ક્લસ્ટર આધારિત મોડલ સ્થાપિત કરવાનું સફળ આયોજન**

**બનાસ મેડિકલ કોલેજ, મોરિયાઃ લાખો પશુપાલકોના આશીર્વાદનું પરિણામ અને સ્વ. ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ છે**



# સદ્‌ગુરુશ્રીના માર્ગદર્શન હેઠળ 'માટી બચાવો' અભિયાનની દિશામાં બનાસ ડેરી

- **બનાસની પાવન માટીને બચાવવા સદ્‌ગુરુશ્રી પધાર્યા બનાસકાંઠાના આંગણે**
- **યોગી, દિવ્યદર્શી અને યુગદ્રષ્ટા સદ્‌ગુરુ શ્રી જગ્ગી વાસુદેવજીના માર્ગદર્શન હેઠળ બનાસવાસીઓએ બનાસકાંઠામાં 'માટી બચાવો' અભિયાનને આપી ગતિ**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**




માટી બચાવવા અંગેની જાગૃતતા ફેલાવવાના ઉચ્ચ વિચાર સાથે વિશ્વરભરમાં ભ્રમણ કરી ભાવિ પેઢી માટે માટીની ફળદ્રુપતા ટકાવી રાખવાનો મહત્ત્વપૂર્ણ સંદેશો આપી રહ્યા છે પ્રકૃતિપ્રેમી અને પર્યાવરણ તેમજ પ્રકૃતિની સાચવણી હેતુ પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરાયેલા સદ્‌ગુરુ શ્રી જગ્ગી વાસુદેવજી. વિશ્વભરમાં એમણે શરૂ કરેલા 'માટી બચાવો' અભિયાનને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ પશુપાલકોના સાથ-સહકારથી પ્રચંડ જનસમર્થન આપ્યું છે. આ અભિયાન અંતર્ગત ૧૧ માર્ચ, ૨૦૨૩ના રોજ સદ્‌ગુરુ શ્રી જગ્ગી વાસુદેવજી બનાસકાંઠાની ધરતી પર પધાર્યા હતા. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાની પાવર ધરા પર એમનું પ્રેમભર્યું સ્વાગત કરી પ્રેરણાદાયી મુલાકાત કરી હતી તેમજ સંવાદ કર્યો હતો.

'માટી બચાવો' અભિયાન અંતર્ગત બૃહદ બનાસકાંઠા જિલ્લાની ખેતી તથા જમીનના સર્વે માટેની મુલાકાતના ઉપલક્ષમાં રખાયેલા કાર્યક્રમો અંતર્ગત સદ્‌ગુરુશ્રી અમદાવાદ એરપોર્ટથી અમીરગઢ હેલિપેડ ખાતે પધાર્યા હતા. ત્યાંથી તેઓશ્રી અમીરગઢના ફાર્મ, સીમેન પ્રોડક્શન યુનિટ-દામા, બાયો સી.એન.જી., નાગલા-કેનાલ વિસ્તાર, નડેશ્વરી માતાજી મંદિર, સણાદર ડેરી, રેડિયો સ્ટેશન, કાંકરેજ ફાર્મ તેમજ જિલ્લાનાં અન્ય કેટલાંય ફાર્મની





મુલાકાત કરી હતી. આ સમગ્ર પ્રવાસ દરમિયાન બનાસકાંઠાના સૂકાભઠ્ઠ વિસ્તાર અને ખેતીલાયક જમીનને ફળદ્રુપ બનાવવા અને અહીંની સૃષ્ટિને અકબંધ રાખતી માટીને બચાવવા અંગેનું સચોટ અને ઊંડાણપૂર્વક માર્ગદર્શન સદ્‌ગુરુશ્રી પાસેથી પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, ખેડૂતો અને પશુપાલકોને પ્રાપ્ત થયું હતું. 'માટી બચાવો' અંતર્ગત આ બે દિવસીય પ્રવાસમાં બનાસ ડેરીના નિયામક મંડળના સભ્યો, પશુપાલક-ખેડૂત અને સ્થાનિક આગેવાનો સહભાગી થયા હતા. બનાસ ડેરી જળ-જમીન અંગે જાગૃતિ અભિયાન ચલાવીને છેલ્લાં કેટલાંક વર્ષોથી તેના સંરક્ષણ માટે પ્રયાસ કરી રહી છે.

સદ્‌ગુરુશ્રીએ આ બે દિવસના પ્રવાસ દરમિયાન માટી બચાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડતાં બનાસકાંઠાના ખેડૂતોને જણાવ્યું હતું કે 'માટી બચાવો' અભિયાનને સૌએ સાથે મળીને ગતિ આપવી પડશે. એકલા હાથે મૃત માટીને જીવિત કરી ફળદ્રુપ બનાવવી મુશ્કેલ છે એટલે આ અભિયાનને સફળ બનાવવા માટે બનાસના ખેડૂતોના સાથ-સહકારની ખાસ જરૂર છે. આપણે બધાંએ સાથે ચાલવું પડશે, એક વિચારને અનુસરવો પડશે અને માટી માટે હાનિકારક દ્રવ્યોને ઉપયોગમાં લેવાનું ટાળવું પડશે. હું અહીંયાં બનાસના ભવિષ્યને સુરક્ષિત કરવા અને અહીંની ભાવિ પેઢીને સમૃદ્ધ માટીનો વારસો અપાવવા માટે આવ્યો છું. માટી એ વાસ્તવમાં આ પૃથ્વી પરની જૈવવિવિધતાની માતા છે. ફળદ્રુપ માટી હશે તો જ જીવન હશે અને આવનારી પેઢીનું ઝળહળતું ભવિષ્ય પણ હશે. બનાસકાંઠાની માટીની ભવિષ્યમાં સર્જનારી સમસ્યાઓના નિવારણનું આયોજન અત્યારથી જ કરવાના શુભ આશય સાથે ચેરમેનશ્રીએ ગયા વર્ષે ૨૦૨૨માં સદ્‌ગુરુ શ્રી વાસુદેવજીને બનાસની ધરતી પર આમંત્રિત કર્યા હતા. હવે ફરીથી સદ્‌ગુરુશ્રી બનાસકાંઠાની ધરતી પર પધારીને અહીંની વેરાન ભૂમિ, જળ સમસ્યા અને માટીને બચાવવાના પ્રયાસને વેગ આપ્યો છે. બનાસ ડેરી જળ, જમીન અંગે જાગૃતિ અભિયાન ચલાવીને છેલ્લા એક વર્ષથી 'માટી બચાવો' અભિયાનમાં સક્રિય બની બનાસકાંઠાની માટીને બચાવવાના પ્રયાસ કરી રહી છે.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સદ્‌ગુરુના પ્રવાસ સંદર્ભે કહ્યું હતું કે સદ્‌ગુરુશ્રીની બનાસકાંઠાની મુલાકાત પાછળનો મુખ્ય ઉદેશ મૃત પામી રહેલી બનાસકાંઠાની માટીને બચાવવાનો છે. અત્યારે



બનાસ ડેરી સાથે લગભગ ૫ લાખ કરતાં વધુ પશુપાલકો જોડાયેલા છે, જે દૂધ ઉત્પાદન થકી તો આવક પ્રાપ્ત કરે છે, પરંતુ સાથે ખેતી પણ કરે છે. જો ખેતી બચાવવી હશે તો માટીને બચાવવી પડશે. જે એકમાત્ર માર્ગ છે. પશુપાલકોની માટીને બચાવવા માટે સદ્‌ગુરુ શ્રી જગ્ગી વાસુદેવજી દ્વારા શરૂ કરાયેલ 'માટી બચાવો' વૈશ્વિક અભિયાનમાં બનાસ ડેરી મજબૂત સમર્થન આપીને સહભાગી બની છે.

## બનાસકાંઠાની પાવન માટીને બચાવવા બનાસ ડેરી કટિબદ્ધ



સુકાભઠ્ઠ વિસ્તાર તરીકે ઓળખ ધરાવતા બનાસકાંઠાની માટીની ફળદ્રુપતા વધારવાના ઉમદા અભિગમ સાથે સદ્‌ગુરુશ્રીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી બનાસકાંઠામાં 'માટી બચાવો' અભિયાનને ચલાવવા સક્રિય બની છે, કારણ કે ચેરમેનશ્રીનું વિઝન છે કે બનાસવાસીઓમાં માટીના સ્વાસ્થ્ય, માટીની મહત્ત્વતા અને સૃષ્ટિ સાથે રહેલ માટીના સંબંધ અંગેની જાગૃતતા આવે તેમજ સૌને સાથે લાવી બનાસકાંઠાની માટીના સંકટનો સામનો કરી ખેતીલાયક જમીનમાં સેન્દ્રીય સામગ્રી વધારવા માટેની નીતિઓ ઘડવી, કાર્યો કરવાં અને સદ્‌ગુરુ દ્વારા શરૂ કરાયેલ આ મહત્ત્વપૂર્ણ અભિયાનને સમર્થન આપવાનો છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે માટીમાં આપણા સૌનું જીવન રહેલું છે. જીવવા માટે અન્નની જરૂર હોય છે, એ માટીમાં થાય છે, જીવવા માટે પાણીની જરૂર હોય છે એ પણ માટીમાંથી મળે છે અને મૃત્યુ પછી પણ આપણે માટીમાં ભળી જઈએ છીએ તો માટી એ આપણું જીવન છે અને ભાવિ પેઢીનું જીવન બચાવવા આજની માટીને બચાવવી પડશે. ઉલ્લેખનીય છે કે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ગયા વર્ષથી બનાસ ડેરી 'માટી બચાવો' અભિયાનમાં સહભાગી બનીને બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે પશુપાલનની સાથે-સાથે પાણી તેમજ ખેતીવાડી માટે ઉપજાઉ માટી અંગે જનજાગૃતિ ફેલાવી રહી છે ત્યારે ફરી એક વાર પ્રકૃતિપ્રેમી સદ્‌ગુરુનું બનાસની ધરતી પર આવીને બનાસ ડેરીનાં વિવિધ સ્થળોની મુલાકાત કરવી એ અતિમહત્ત્વપૂર્ણ છે, જેનો લાભ બનાસકાંઠાની સુકીભઠ્ઠ જમીનને ફળદ્રુપ બનાવી ભાવિ પેઢીને સમૃદ્ધ માટી આપવામાં સફળ નીવડશે.





# પર્યાવરણ બચાવવા માટે માટી બચાવો

**જો આપણે સૌ માટી બચાવીશું તો ભારત દેશને ફરી 'સોને કી ચીડિયા' બનાવીશું**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**

માનવીનું શરીર માટીનું જ એક રૂપ છે એટલે માટી છે તો માનવી છે, સૃષ્ટિ છે. હવે જો માટી જ જીવિત ના રહે તો આ સૃષ્ટિનું શું થશે? આ સુકાભઠ્ઠ બનાસકાંઠાનું શું થશે? આ સમસ્યાની ચિંતા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કરી એટલે એમણે બનાસની વેરાન ભૂમિને હરિયાળી કરવા વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું, પરંતુ માટી જ સારી ના હોય તો વૃક્ષ ક્યાંથી થવાનાં, જેથી તેમણે માટીને ફળદ્રુપ બનાવવા સદ્‌ગુરુશ્રીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી અને લોકભાગીદારી સાથે 'માટી બચાવો' અભિયાનને વર્ષ ૨૦૨૨માં જ ભવ્ય સમર્થન આપ્યું હતું, જે હેઠળ સદ્‌ગુરુશ્રીએ ફરી એક વાર બનાસકાંઠાની મુલાકાત કરીને માટી બચાવવાના પ્રયાસોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આપ સૌને જાણીને નવાઈ લાગશે કે આજની નવી પેઢી માટે માટી એટલે તબિયતને બગાડતી, ચોખ્ખાઈને નડતી ધૂળ, પરંતુ માટી એ જીવનદાયિની છે. મા અને માટી બંને સરખાં છે. બંને નવા જીવને જન્મ આપે છે, તેનામાં લાલન-પાલનની તો અપાર ક્ષમતા છે. આ ધરતી ઉપર ૮૭ ટકા જીવન-સૂક્ષ્મ જીવો, અળસિયાંઓ, જંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, મનુષ્ય અને વૃક્ષો રહે છે. દરેક પ્રકારની વનસ્પતિ, સરેરાશ ૩૯ ઈંચ માટી પર નભે છે અને તેના ઉપર અત્યારે મરણતોલ સંકટ છે. છેલ્લાં ૪૦ વર્ષમાં ધરતીની ૪૦ ટકા માટીનો ક્ષય થયો છે. સંયુક્ત રાષ્ટ્ર કહે છે કે આપણી પાસે ખેતીલાયક માટી માત્ર આગામી ૮૦થી ૧૦૦ પાક પૂરતી જ બચી છે એટલે કે આવનાર ૪૫થી ૬૦ વર્ષ જ ખેતી માટે બચ્યાં છે. ત્યાર બાદ આપણી પાસે ખોરાક પેદા કરવા માટે માટી નહિ રહે. તમે ધરતી ઉપર આવનારા સંકટની કલ્પના કરી શકો છો. ભારતની ૩૦ ટકા જમીનનું તો અધઃપતન થઈ ચૂક્યું છે અને ભારતનાં ૯૦ ટકા રાજ્ય માટીને રણમાં પરિવર્તિત થતાં જોઈ રહ્યાં છે, તેનો અર્થ એ કે ત્યાં કોઈ પાક લઈ શકાશે નહિ. તેથી આ

પ્રદેશની માટીને આગામી પેઢીઓ માટે સુરક્ષિત રાખવી એ સૌથી અગત્યનું છે. ખેતી કરતાં સમયે ટ્રેક્ટર વડે ખોદીને માટીને સમૃદ્ધ બનાવી ના શકાય. પ્રાણીઓ રાખવાં પડશે. માટીને ફળદ્રુપ બનાવવા માટે જમીનની અંદર પાંદડાં, પ્રાણીઓનાં મળમૂત્ર હોવાં જરૂરી છે. બનાસકાંઠાની માટીને થોડી સહાયતાની જરૂર છે. જો થોડી સંભાળ રાખવામાં આવશે તો તે તરત સ્વસ્થ થઇ જશે. દુનિયાના દેશોની જમીન ખરાબ થતી રહી છે એટલે કે તેની અંદરનાં પોષક તત્ત્વોનું પ્રમાણ ઘટતાં તેની ફળદ્રૂપતા ઓછી થતી ગઈ છે અથવા તો તે રણપ્રદેશમાં ફેરવાતી જઇ રહી છે. માટી એ જીવંત સજીવો, ખનિજો, પ્રવાહી, કાર્બનિક પદાર્થો અને વાયુઓની એક જટિલ સહજીવન પ્રણાલી છે, જે આ ગ્રહ પરના તમામ જીવનને ટેકો આપે છે એટલે આપણે માટીને બચાવી ભવિષ્યની પેઢીને સુરક્ષિત રાખવાનું કામ અત્યારે કરવું પડશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ માટી બચાવવા માટે પાંચ મુખ્ય કેન્દ્રબિંદુઓ બતાવ્યાં છે, જેને ધ્યાનમાં રાખીને ચેરમેન શ્રી શંકરભાઈ બનાસકાંઠાની માટીને અમૃત બનાવવા પરિશ્રમ કરી રહ્યા છે. આ કેન્દ્રબિંદુઓમાં પ્રથમ માટીને કેમિકલ ફ્રી કઈ રીતે બનાવવી, બીજું માટીમાં જે જીવ રહે છે તેને તકનીકી ભાષામાં સોઈલ ઓર્ગેનિક મેટર કહેવાય છે, તેમને કઈ રીતે બચાવવા, ત્રીજું માટીમાં ભેજ કઈ રીતે બનાવી રાખવો, તેના મૂળમાં જળની ઉપલબ્ધતા કઈ રીતે વધારવી, ચોથું ભૂજળ ઓછું થવાના કારણે માટીને નુકસાન થઇ રહ્યું છે તેને દૂર કરવી, પાંચમું જંગલમાં ઘટાડો થવાના કારણે માટીનું જે રીતે ધોવાણ થઇ રહ્યું છે તેને કઈ રીતે રોકવામાં આવે. ભારતમાં લોકો અમુક જમીન પર હજારો વર્ષોથી ખેતી કરી રહ્યા છે પણ છેલ્લી પેઢીમાં માટીની ગુણવત્તા એટલી નીચે ગઈ છે, જે રણ બનવાની અણી પર છે. જો તમારે માટીને બચાવવી હોય તો તેનો અર્થ છે કે તેમાં જૈવિક પરિબળો જવા જોઈએ. જૈવિક તત્ત્વો સમૃદ્ધ માટીનું નિર્માણ કરે છે. માટી સમૃદ્ધ અને ઉપજાઉ રહે એ વાતની ખાતરી કરવી પર્યાવરણીય આપત્તિને રોકવા માટેની ચાવી છે. સદ્‌ગુરુશ્રી માટીનો પુનરુદ્ધાર કરવાનું મહત્ત્વ સમજાવે છે અને માટીને બચાવવાની પદ્ધતિઓ આપે છે.



આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પણ માટી બચાવવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. દેશમાં ખેડુતો પાસે તેની જમીન કેવા પ્રકારની છે, તેની જમીનમાં શું ખામી છે, કેટલી છે તે તમામ માહિતીનો અભાવ જોવા મળે છે ત્યારે આ સમસ્યાને દૂર કરવા ભારતમાં 'સોઇલ હેલ્થકાર્ડ'નું વિશાળ અભિયાન મોદીજીના નેતૃત્વમાં ચલાવવામાં આવ્યું. છેલ્લા વર્ષમાં સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવે વિશ્વના કેટલાય દેશોને આવરી લેતી ૧૦૦ દિવસની મોટરસાઇકલ યાત્રા દ્વારા માટી બચાવવા અંગે જનજાગૃતિ લાવવાનો વિશ્વમાં પ્રથમ પ્રયાસ કર્યો. આ અભિયાન માટીના બગડતા સ્વાસ્થ્ય વિશે લોકોમાં જાગૃતિ લાવવા અને તેને સુધારવાના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનું છે. જન્મ્યા ત્યારથી આપણા સૌનો માટી સાથે સીધો સંબંધ છે. હવે સૌ નાગરિકોએ અન્નદાતાઓ પ્રત્યે સંવેદનશીલ બનીને માટીને બચાવવાનો પ્રયાસ કરવો પડશે, નહિતર ભવિષ્યમાં ખેડૂતો કોઇ જાતનું અન્ન પેદા નહીં કરી શકે. માટી બચાવવા ઓર્ગેનિક ખેતીનો માર્ગ અપનાવીને આપણે આપણા દેશને ફરી 'સોને કી ચીડિયા' અને 'હરિયાળો' બનાવવાનો છે.

**માટી આ સૃષ્ટિની માતા છે, દરેક જીવ તેમાંથી પેદા થાય છે અને એમાં જ ભળી જાય છે. તેથી તે કોઈ મૃત સામગ્રી નથી, પરંતુ જીવનદાયિની છે એટલે બનાસકાંઠાની માટીને જીવિત રાખવા, પોષક તત્ત્વો વધારવા અને સમૃદ્ધ બનાવવા બનાસકાંઠાની પાવન ધરા પર પ્રકૃતિપ્રેમી આદરણીય સદ્‌ગુરુજી પધાર્યા હતા.**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**



# બનાસ રેડિયો પર સદ્‌ગુરુશ્રીના પ્રેરણાદાયી શબ્દો

## બનાસકાંઠાનો ખેડૂત મૃત માટીમાં પણ જીવન ફૂંકી શકે છે: સદ્‌ગુરુશ્રી



'માટી બચાવો' અભિયાન અંતર્ગત સદ્‌ગુરુશ્રીએ બનાસકાંઠા જિલ્લાની બે દિવસીય મુલાકાત કરી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે બનાસ રેડિયો સ્ટેશનની મુલાકાત કરી હતી, જ્યાં તેમણે બનાસવાસીઓને રેડિયોના માધ્યમથી સંબોધતાં મહત્ત્વપૂર્ણ વાતો કહી હતી.

સદ્‌ગુરુશ્રીએ બનાસવાસીઓને 'માટી બચાવો' અભિયાન સંદર્ભે સંદેશો આપતાં કહ્યું હતું કે ગુજરાતીમાં ભલે મને 'નમસ્કાર' શબ્દ આવડે, પરંતુ હું જે કહું છે તે આપણી ભાવિ પેઢી માટે સારું છે એટલે મારી વાતને ધ્યાનથી સાંભળજો. બનાસકાંઠામાં આવીને આત્મનિર્ભર ખેડૂતો સાથે વાત કરવી એ મારા માટે સન્માનની વાત છે. તમને મનમાં પ્રશ્નો થતા હશે કે ખેડૂતો સાથે વાત કરવાની શું જરૂર છે? એક યોગી વળી ખેડૂતો સાથે શું વાત કરશે, આવા અનેક પ્રશ્નો થતા હશે. આપણે સૌ આ દુનિયાનો એક નાનકડો ભાગ છીએ, પરંતુ આપણે જે છીએ તે બધું જ આ ગ્રહ પર અસ્તિત્વમાં રહેલા દરેક જીવનના ટેકાથી છીએ. આપણું શરીર ૬૦ ટકાથી વધારે સૂક્ષ્મ જીવાણુઓનું બનેલું છે. માટી પણ એ જ રીતે બનેલી છે. પૃથ્વી પર બીજું ઘણુંબધું છે જે માનવીના શરીરની જેમ બનેલું છે. આ માટી બધા જીવોનો આધાર છે. એક કીડીથી લઈને હાથી સુધી, નાનામાં નાના નિંદામણથી લઈને મોટા ઝાડ સુધી અને દરેક કીડા અને જંતુઓથી લઈને મનુષ્ય સુધી દરેક વસ્તુનાં વિવિધ સ્વરૂપોમાં માટી અંદરથી આવેલી છે. તેથી માટી એ આ ગ્રહ પરની એક જાદુઈ સામગ્રી છે, પરંતુ કમનસીબે છેલ્લાં ૪૦ વર્ષમાં વિવિધ કારણોસર આ જીવનદાયિનીમાં બદલાવ આવ્યો છે, પરંતુ આમાં કોઈને દોષ આપવાની વાત નથી. આપણે સૌ જાણીએ છીએ કે આપણે સૌ સમસ્યાનો ઉકેલ શોધવાના બદલે બીજાને દોષી ઠેરવવામાં સમય પસાર કરીએ છીએ, પરંતુ આવું ના કરવું જોઈએ. ઉકેલ શોધવાના બદલે આપણે હંમેશાં એવા લોકોને શોધવાનો પ્રયાસ કરીએ છીએ, જે સમસ્યાનું કારણ છે. જે સમસ્યાઓ પહેલાંથી જ છે, એનો ઉકેલ શોધવો મહત્ત્વપૂર્ણ છે. આજની પેઢી અને ભાવિ માટે આપણે સૌએ ઉકેલ શોધવાના છે. માત્ર મનુષ્યના જીવ ખાતર જ નહિ, પરંતુ સૃષ્ટિમાં રહેલા દરેક જીવ માટે સમસ્યાનું નિરાકરણ લાવવું પડશે. એટલા માટે જ અમે વિશ્વભરમાં 'માટી બચાવો' અભિયાન શરૂ કર્યું છે.

'માટી બચાવો' અભિયાન અંતર્ગત ૮૧થી વધુ દેશોએ ખેતી અને માટીને અનુરૂપ નીતિઓ ઘડી છે, પરંતુ આ ઉમદા કામમાં અમને બનાસના ખેડૂતોની મદદની જરૂર છે. એ અર્થમાં કે જો આપણે



એક મોટું ઉદાહરણ બનાવીએ, જે દર્શાવે કે એકથી ત્રણ વર્ષમાં માટીને કેવી રીતે સુધારી શકાય, તેને કેવી રીતે જીવંત બનાવી શકાય, કેવી રીતે તેને ખૂબ જ ઉત્પાદક તેમજ ખેડૂતો માટે ખૂબ વધુ ફાયદાકારક બનાવી શકાય. જો આપણે આ સફળતા પ્રાપ્ત નહિ કરીએ તો ભારતમાં અને વિશ્વના અન્ય દેશોમાં સાનુકૂળ નીતિઓ નહીં બને. તેથી હું આ જવાબદારી અને આ તક તેમજ આ સન્માનને તમારા ઉપર મૂકું છું. આગામી બે-ત્રણ વર્ષમાં તમે અહીં જે કરશો તે સમગ્ર વિશ્વ માટે એક ઉદાહરણ બની શકે છે, જે દુનિયાની માટીને બચાવવા માટેની ક્રાંતિ બની શકે છે, કારણ કે વિશ્વના દરેક વૈજ્ઞાનિક સ્પષ્ટપણે કહી રહ્યા છે કે આગામી ૫૦થી ૬૦ વર્ષમાં પૃથ્વી પર ખોરાક ઉત્પન્ન કરવાની ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો થશે અને વસ્તીને ખવડાવવા માટે તે ચોક્કસપણે પૂરતું નહીં હોય. આવી તો અનેક સમસ્યાઓ સર્જાઈ શકે છે. આપણે કોઈ દુષ્કાળથી અજાણ્યા નથી. કેટલીય મુશ્કેલીઓનો સામનો કર્યો છે. કેટલાય પરિવાર પણ વેર-વિખેર થઈ ગયા છે, આ બધું ફરી ના બને એટલા માટે આપણે આજે સજાગ બની માટીને સમૃદ્ધ બનાવવાની છે. આપણી પાસે જ્ઞાન છે, સંદેશાવ્યવહાર છે, વિજ્ઞાન અને ટેક્નોલોજી છે, માટે હવે ફરી ક્યારેય ખોરાકના અભાવના કારણે લોકોનાં મૃત્યુ ન થવાં જોઈએ, પરંતુ આ વાતને ચરિતાર્થ કરવા માટે ખેડૂતોના સહકારની જરૂર છે. તમને ખબર છે હું શું માગી રહ્યો છું, હું એ જમીનમાં તમારી ભાગીદારી માગી રહ્યો છું, જેના પર તમે કામ કરો છો. તમારા સાથ-સહકારના કારણે તમારી જ માટી સમૃદ્ધ, ફળદ્રુપ અને ખેતીલાયક બનશે.

ભારત દેશમાં ભારતની સંસ્કૃતિમાં, ભારતની સભ્યતામાં હંમેશાં આપણે માટીને આપણી માતા તરીકે જોઈએ છીએ. માટી એ આપણી માતા છે. તે આપણો સ્રોત છે. તે ફક્ત આપણા જીવનનો જ સ્રોત નથી, તે પૃથ્વી પર રહેલા દરેક જીવોનો પણ સ્રોત છે, પરંતુ ધીરે ધીરે માટી મૃત પામી રહી છે, જેના કારણે જીવસૃષ્ટિ પણ ખતરામાં આવી રહી છે. આ ખતરાને ટાળવા માટે જ 'માટી બચાવો' અભિયાન શરૂ કરાયું છે. 'માટી બચાવો' અભિયાન માટે અમે ટીમો બનાવી છે, જે અહીંયાં બનાસકાંઠા આવશે અને તમારી સાથે કામ કરશે. આ ટીમ તમને યોગ્ય પગલાં ભરવા માટે પ્રેરણા આપશે, તમને યોગ્ય નિર્ણય લેવા માટે માર્ગદર્શન આપશે, જેથી એક પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય. ત્રણથી પાંચ વર્ષમાં ઘણી જગ્યાએ અમે ખેડૂતોની આવક ૩૦૦ ટકા અને તેથી પણ વધુ પ્રમાણમાં વધારી છે એટલે કે ત્રણ ગણી. ચોક્કસપણે આપણે આ બધું અહીંયાં પણ કરી શકીએ છીએ. મને સ્માર્ટ ગુજરાતી ખેડૂતો ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ આ કામને સફળ કરી શકે છે.

છેલ્લા બે દિવસથી હું બનાસકાંઠામાં ફરી રહ્યો છું. અલગ અલગ તાલુકામાં જઈ મેં કેટલાંય ખેતરોની મુલાકાત કરીને માટીની વર્તમાન સ્થિતિ શું છે તે જોઈ ને અભ્યાસ કર્યો. એક વસ્તુ મારે તમને કહેવાની જરૂર છે કે તે તમામ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર માટીમાં લઘુતમ જૈવિક સામગ્રી ત્રણ ટકા હોવી જોઈએ, ત્રણ ટકા કરતાં ઓછી એ સારી વાત નથી. એક ટકા કરતાં ઓછી હોય તો તે રણ ગણાય છે, પરંતુ અત્યારે બનાસમાં અમે જ્યાં ગયાં છીએ ત્યાંની માટીમાં જૈવિક સામગ્રી પોઈન્ટ પાંચ કરતાં ઓછી છે. આ ખતરનાક છે. આપણે એક ખતરનાક ધાર પર જીવી રહ્યાં છીએ. આપણે માત્ર રાસાયણિક ખાતર વડે પાક ના ઉગાડી શકીએ, આપણે રાસાયણિક ખાતરના વિરોધમાં નથી કે જંતુનાશકોના વિરોધી નથી. મારા માટે ખેતી એ કોઈ ફિલોસોફી કે કોઈ વિચારધારા નથી, ખેતી એ એક આર્થિક પ્રવૃત્તિ છે. આપણે તેને નફાકારક રીતે અને સફળતાપૂર્વક કરવી જોઈએ. ઉત્પાદકતા હોવી જોઈએ અને ખેડૂતો માટે આર્થિક લાભ હોવો જોઈએ. તેથી આપણે ખેતીની ફિલોસોફી તરીકે નહિ જોવી જોઈએ, તે કોઈ પ્રકારની વિચારધારા નથી, તે એક વ્યવહારિક પ્રવૃત્તિ છે, જે આપણે સમજદારી સાથે કરવી જોઈએ. આના માટે અમને તમારા સાથ-સહકારની જરૂર છે. અમારી ટીમ તમારી પાસે આવશે અને તમને સમજાવશે કે કઈ વસ્તુ યોગ્ય રીતે થઈ રહી છે અને કઈ વસ્તુ અયોગ્ય રીતે થઈ રહી છે. તમે બધા ચોક્કસપણે સમજો જ છો કે સમૃદ્ધ માટી વિના કોઈ જ ઉત્પાદન સમૃદ્ધ થવાનું નથી અને સમૃદ્ધ ઉત્પાદન વિના કોઈ ખેડૂત સમૃદ્ધ થવાનો નથી. તમારે આ સમજવું જોઈએ. અત્યારે માટીની ગુણવત્તા ખૂબ જ નબળી થઈ ગઈ છે, પરંતુ જો તમે ખેતીને ઓર્ગેનિક રીતે કરતા થાઓ, વૃક્ષો વાવતા





થાઓ, પાણી બચાવતા થાઓ તો તમે ભવિષ્યમાં પાણીથી ભરપૂર નદીઓને વહેતી જોશો. વૃક્ષો અને વનસ્પતિના કારણે પાણી આવશે. આ બધું આપણે સમજવું જોઈએ. આપણે પૂરતી વનસ્પતિ વાવવી જોઈએ, જે માટીને સમૃદ્ધ બનાવે અને બદલામાં પાકને પણ સમૃદ્ધ બનાવે, જેના કારણે ખેડૂતો પણ સધ્ધર બને. અમે આ યોજનાને દક્ષિણમાં ૧.૬૮ લાખ ખેડૂતો સાથે મળીને સફળતાપૂર્વક અમલમાં મૂકી છે, જેના કારણે ત્યાંના ખેડૂતોની આવક માત્ર સાતથી આઠ વર્ષના સમયગાળામાં આઠસો ટકા સુધી એટલે કે આઠ ગણી વધી છે. તેથી હું જોઉં છું કે ઘણા લોકો દ્વારા ખેતી પહેલાંથી જ સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે, પરંતુ રોકાણ ખર્ચ વધે છે, આ કંઈક છે, જે વિશે મારે તમને ચેતવવા છે. આપણે હજુ પણ રાસાયણિક ખાતરનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરીએ છીએ, કારણ કે જમીન નબળી છે. જો આપણે માટીને જીવિત રાખીશું, ઉત્પન્ન કરીશું તો રસાયણિક ખાતરની જરૂરિયાત ઊભી થશે નહિ, ખર્ચ થશે નહીં અને તમારો રોકાણખર્ચ પણ ઘટશે. એક વાર માટી સમૃદ્ધ થઈ જાય એટલે જાતે જ રોકાણખર્ચ ઘટશે અને અન્ય રસાયણો કે જેનો ઉપયોગ આપણને કરવાની જરૂર નથી તેનો ઉપયોગ નોંધપાત્ર રીતે ઘટી જશે.

જ્યારે રોકાણખર્ચ ઘટે અને ઉત્પાદન વધે ત્યારે ખેડૂત સુખાકારી બન્યો કહેવાય. અમે આ કરવા માટે પ્રતિબદ્ધ છીએ, પરંતુ તમારી ભાગીદારી અને સહયોગ વિના આ શક્ય નથી, પણ બનાસ ડેરીને ચેરમેન શ્રી શંકરભાઈનું અદ્ભુત નેતૃત્વ મળ્યું છે એટલે બનાસ ડેરી ખેડૂતોને સમૃદ્ધ અને સુખી બનાવવા પ્રતિબદ્ધ છે. તેઓ કંઈ એમ ને એમ અહીંયાં નથી, પરંતુ જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેમાં પરિવર્તન લાવવા અહીંયાં હાજર છે. મેં તેમની પ્રતિબદ્ધતાને જોઈ છે. તેમણે દક્ષિણ ભારતની કેટલી યાત્રાઓ કરી છે. બધી બાબતનો અભ્યાસ કર્યો છે. તેઓ ઈચ્છે છે કે બનાસકાંઠામાં 'માટી બચાવો' અંગેની લોકોમાં જાગૃતતા આવે, સજાગ બને. એમના આ ઉમદા વિચારને સમર્થન આપવા હું જાતે તમને કહેવા માટે આવ્યો છું. 'માટી બચાવો' અભિયાનને હું આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ ગયો છું, પરંતુ હું ખાતરી આપું છું કે બનાસકાંઠાના ખેડૂતો આનાથી લાભવંતા થાય તેના માટે હું પૂરતો સમય પણ ફાળવીશ. ગમે તેવી પરિસ્થિતિ આવે અમે જરૂરી સમયે તમારા પર ધ્યાન આપીશું પણ આ કરી બતાવવા માટે અમારે તમારા સહકારની જરૂર છે. હું ઈચ્છું છું કે તમે સમજો, કે આ ફક્ત તમારી આર્થિક સ્થિતિ વિશે નથી. આ તમારાં બાળકોની સુખાકારી માટે છે. આમાં જ રાષ્ટ્રની સુખાકારી છે. આ જ માનવતાની સુખાકારી છે. જો આપણે તેને યોગ્ય રીતે કરીએ અને એક મોટા પાયે ઉદાહરણ પૂરું પાડીએ, જેમાં ૦.૫ ટકા કરતાં ઓછી જૈવિક સામગ્રીને ૩ ટકાથી વધુ વધારી શકાય છે અને પહેલાંની જેમ સમૃદ્ધ ખેતીની જમીન બનાવી શકાય છે.

ભારત દેશમાં પહેલાં કોઈ પણ પ્રકારનું બીજ નાખવામાં આવતું તો ચોક્કસ ઊગતું, જેના કારણે દુનિયાભરમાંથી લોકો ભારત આવવા ઈચ્છતા હતા, પરંતુ હવે તમે જુઓ, બધા ભારતીય બીજે ક્યાંક જવા માંગે છે. એનું એક જ કારણ છે કે આપણે છેલ્લાં ૫૦ વર્ષમાં આપણી માટીને ખોટી રીતે બરબાદ કરી નાખી છે, આ જ સમય છે કે આપણે તેને સરખી, સમૃદ્ધ કરીએ. જો આપણે ઈચ્છીએ કે આપણાં બાળકો ભવિષ્યમાં આપણા દેશમાં જ સારી રીતે જીવે તો આપણે માટી બચાવવી પડશે.

તો આપણે આપણા દેશ અને ભાવી પેઢી માટે સમૃદ્ધ માટી બચાવવી પડશે. જ્યાં સમૃદ્ધ માટી નથી ત્યાં સારું જીવન નથી. તેથી મહેરબાની કરીને આવો, આપણે માટીને બચાવીએ અને એક સુરક્ષિત પૃથ્વી, સુરક્ષિત કુટુંબ અને સુરક્ષિત ભવિષ્ય બનાવીએ.

## બનાસની પાવન ધરા પર પધારીને સદ્‌ગુરુશ્રીએ બનાસકાંઠાની સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરાનાં દર્શન કર્યાં














# બનાસ ડેરીની 'પ્રગતિ'ની ત્રણ પાંખો






## કેશલેસ બનાસ

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ડિજિટલ દિશામાં આગળ વધવાના પ્રયાસરૂપે દેશ આખાને કેશલેસ નાણાકીય વ્યવહાર કરવા પ્રોત્સાહન પૂરું પાડી ભારતને કેશલેસ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ મોદીજીના આ વિચારને સ્વીકારી લઈ ડેરીના સમગ્ર નાણાકીય વ્યવહારને કેશલેસ બનાવવાનું બીડું ઝડપ્યું હતું. બનાસ ડેરી તેમજ સાથે જોડાયેલ સંસ્થાઓમાં સંપૂર્ણપણે કેશલેસ વ્યવહાર કરવામાં આવે છે.

કેશલેસ પ્રત્યેની જાગૃતતા વધારવાના ઉમદા અભિગમ સાથે ગામેગામ ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને તાલીમ આપીને તમામ પ્રકારના વ્યવહારને કેશલેસ કરવામાં આવ્યા છે. બનાસ ડેરી દ્વારા દર પંદર દિવસે દૂધના પૈસાની ચુકવણી સીધા પશુપાલકોના ખાતામાં કરવામાં આવે છે. પશુપાલક એપ્લિકેશન થકી પોતાના પૈસાની ચુકવણી થઈ છે કે નહિ તે તપાસી શકે છે અને કેટલા પૈસા ભેગા થયા છે તે પણ જોઈ શકે છે. આજે બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં કેશલેસ વ્યવહાર અંગેની જાગૃતતા આવતાં ખેડૂતો અને પશુપાલકો ડેરી સિવાય અન્ય જગ્યાએ પણ કેશલેસ વ્યવહાર કરતા થયા છે.




## ડિજિટલ બનાસ

ડિજિટલ ટેક્નોલોજીને અપનાવીને કોઇ પણ ક્ષેત્રના વ્યવહાર, વહીવટ અને વ્યવસ્થામાં પારદર્શકતા લાવવા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આહ્વાન કર્યું હતું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મોદીજીના આહ્વાનને સંપૂર્ણપણે ચરિતાર્થ કરવા છેલ્લાં ૮ વર્ષથી સતત પ્રયાસ કરી બનાસ ડેરીમાં ડિજિટલ જોડાણનો વ્યાપ વધાર્યો છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રની વાત કરીએ તો ખેડૂતો અને પશુપાલકોને ડાયરેક્ટ સંઘ સાથે જોડાયેલા રાખવા બનાસ ડેરીની બનાસકાંઠામાં ૧૭૪૩, રાજસ્થાનમાં ૩૮૨, ઓડિશામાં ૯૨, આંધ્રપ્રદેશમાં ૧૪૮, ઉત્તરપ્રદેશમાં ૨૧૭૨/૩૫૯૯ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને એક કોમન સોફ્ટવેરથી જોડીને સંઘ સાથે ઓનલાઈન કરવામાં આવી છે. ઓટોમેટિક દૂધ ખરીદ પ્રક્રિયા, ફેટ અને એસ.એન.એફ. આધારિત ખરીદ પ્રક્રિયા ખેડૂતો તથા દૂધ ઉત્પાદકોને ફાર્મર એપથી જોડવામાં આવ્યા છે, જેની સંખ્યા ૬,૪૩,૬૦૪ છે અને તેથી જ દૂધ ઉત્પાદકોને ઝડપી એસ.એમ.એસ. દ્વારા જાણકારી મળી રહે છે. દરેક ઉત્પાદકને પોતાની કપાત, ભાવ વધારો અંગેની માહિતી મળી રહે છે.

જિલ્લાભરમાંથી દૂધ લઈને આવતાં ટેન્કરોમાં જી.પી.એસ. સિસ્ટમ ઈન્સ્ટોલ કરીને મંડળીથી લઈને બનાસ ડેરી પહોંચવા સુધી સુરક્ષા પૂરી પાડી તેમજ મિલ્ક ટ્રાન્સફર વ્યવસ્થાને પારદર્શક બનાવી છે. દરેક મંડળીમાં અને બનાસ ડેરીના તમામ પ્લાન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવીને મજબૂત સુરક્ષા વધારાઈ છે. પશુધનના આરોગ્યની ચિંતા કરીને આંગળીના ટેરવે પશુચિકિત્સક સારવાર પૂરી પાડવા 'બનાસ વેટરનરી સેવા' નામની એપ્લિકેશનની શરૂઆત કરાઇ છે, જેનાથી પશુપાલક વિઝિટ માટે ઓનલાઈન નોંધણી કરી શકે છે.



## અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ બનાસ

આજના આધુનિક યુગને વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ માનવામાં આવે છે એટલે જે ક્ષેત્ર જેટલા પ્રમાણમાં ટેક્નોલોજીથી સધ્ધર હોય તેટલા પ્રમાણમાં તેને વિકસિત, વિકસતો અથવા તો અલ્પવિકસિત માનવામાં આવે છે એટલે ટેક્નોલોજીમાં જે ક્ષેત્ર વધુ સધ્ધર એ એટલો વિકસિત છે. છેલ્લાં ૭-૮ વર્ષમાં બનાસ ડેરીને દેશ-વિદેશમાંથી અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરવામાં આવી છે. બનાસ ડેરીની ઉત્તરોત્તર પ્રગતિ થકી પશુપાલકોને ઝડપી અને વધુ ફાયદો આપવાના હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ડેરીના દરેક પ્લાન્ટમાં આધુનિક ટેક્નોલોજીથી નિર્માણ થયેલ મશીનો વસાવ્યાં છે. બનાસ સંકુલ, સણાદર ખાતે પણ નવનિર્મિત બટાકા પ્લાન્ટ, ચોકલેટ પ્લાન્ટ, દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ પણ આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવામાં આવ્યા છે. પશુ સંવર્ધન માટે એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી અપનાવીને શ્રેષ્ઠ ઓલાદોનું સંવર્ધન કરવાનું કામ થઇ રહ્યું છે. ઘાસ ઉગાડવા માટે હાઇડ્રોપોનિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે. બનાસ ડેરીમાં કાગળ પર થતી કામગીરીને બંધ કરી તમામ કામગીરી કમ્પ્યૂટરરાઈઝ્ડ કરાઇ છે. દરેક મંડળી પર રેડિયો સાંભળવા માટે સિસ્ટમ લગાવવામાં આવી છે. કેટલીક વાર તો પશુપાલકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી પણ સંવાદ કરવામાં આવે છે. બનાસ ડેરીમાં સજ્જ અદ્યતન ટેક્નોલોજીના કારણે આ બધું શક્યું બન્યું છે.

# બનાસ ડેરીનો ખેડૂત હિતલક્ષી નિર્ણય મધના ખરીદભાવમાં કરાયો રૂ. ૨૦નો વધારો





માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસકાંઠાના મહેનતુ ખેડૂતોને શ્વેતક્રાંતિની સાથે મધ ઉત્પાદન કરીને 'સ્વીટક્રાંતિ'ના વાહક બનવાનું આહ્વાન કર્યું હતું. આ આહ્વાનને પરિપૂર્ણ કરવા બનાસ ડેરીએ જિલ્લાના ખેડૂતોની ભાગીદારી સાથે બનાસ મધ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. ખેડૂતો દૂધ ઉત્પાદન સાથે મધનું ઉત્પાદન કરીને પણ સારી એવી આવક પ્રાપ્ત કરતાં થાય એ માટે બનાસ ડેરી શરૂઆતના ધોરણે પણ મધનો ઉત્તમ ભાવ આપતી હતી, પરંતુ તાજેતરમાં મધના ભાવમાં વધુ વધારો કરીને ખેડૂતોની મહેનતને બિરદાવી છે. તારીખ ૦૧-૦૨-૨૦૨૩થી મધ ખરીદના ચાલુ ભાવમાં રૂપિયા ૨૦/- નો વધારો કરી નવીન ખરીદભાવ રૂપિયા ૧૭૦/- પ્રતિકિલો કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં જેમ દૂધની શ્વેતક્રાંતિ થઇ છે, તે જ રીતે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં મધુક્રાંતિ (સ્વીટક્રાંતિ) પણ થઇ છે. બનાસ મધ પ્રોજેક્ટ એ ચેરમેનશ્રીનો ડ્રીમ પ્રોજેક્ટ છે, જેના થકી બનાસકાંઠાના પશુપાલકો-ખેડૂતોને ખેતી, દૂધ ઉત્પાદન સાથે મધના ઉત્પાદન થકી એક્સ્ટ્રા આવક મળતી થઇ છે. મધમાખીનો કીટક વર્ગમાં સમાવેશ થાય છે, તેથી ખેતીના પાકોમાં પરાગનયનમાં ખૂબ જ અગત્યનો ભાવ ભજવે છે. મધમાખી દ્વારા પરાગનયનથી કૃષિમાં ૨૦ ટકાથી ૫૦ ટકા સુધીનો ઉત્પાદનમાં વધારો કરી આપે છે. મધ સંપાદન અને ટેકનિકલ સેવા બનાસ ડેરી દ્વારા આપવામાં આવે છે, જેના કારણે મધની ખેતી કરતા ખેડૂતોને મધ ઉત્પાદન કરવામાં સરળતા પડે છે અને મદદ મળી રહે છે.

''બનાસ મધ પ્રોજેક્ટ'' સાથે જોડાઈ જિલ્લાના ખેડૂતો ભરપૂર પ્રમાણમાં મધનું ઉત્પાદન કરીને બમણી આવક પ્રાપ્ત કરતા તો થયા જ છે, પરંતુ સાથે-સાથે ખેતરમાં મધમાખીના પાલનથી ક્રોસ પોલિનેશનની પ્રક્રિયાને બળ મળ્યું, જેના કારણે ખેતીમાં થતા ઉત્પાદનમાં પ્રાકૃતિક રીતે સકારાત્મક પરિણામ જોવા મળ્યું છે. મધની ખેતી કરતા ખેડૂતો માટે બનાસ ડેરીએ મધના ખરીદભાવ માં વધારો કર્યો છે. ખરીદ ભાવમાં રૂ. ૨૦નો વધારો કરતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. શ્વેતક્રાંતિની જેમ સ્વીટક્રાંતિને લઈને વધુમાં વધુ ખેડૂતો મધની ખેતી કરે તે માટે બનાસ ડેરી પ્રોત્સાહન પૂરું પાડી રહી છે.

# બનાસ ડેરી માટે ગૌરવભરી ક્ષણ

## બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીને કરાયા ‘ડૉ. વર્ગીસ કુરિયન-૨૦૨૩’ એવોર્ડથી સન્માનિત






કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજી દ્વારા ૧૮ માર્ચ, ૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલી ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ દરમિયાન બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીજીને ૧૪મો ‘ડૉ. કુરિયન એવોર્ડ-૨૦૨૩’ એનાયત કરીને ભારતીય ડેરી ઉદ્યોગ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન આપવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના નામ પરથી રખાયેલ આ એવોર્ડ બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીને મળવો એ બનાસકાંઠા, બનાસ ડેરી અને લાખો પશુપાલકોના વિકાસ, વૃદ્ધિ અને એમની સુખાકારીમાં થયેલા ઉત્કૃષ્ટ વધારાનું પરિણામ છે. આ સન્માનિત એવોર્ડમાં એક સ્મૃતિચિહ્ન, એક પ્રશસ્તિપત્ર અને રૂ. ૨ લાખની રકમ પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવી હતી.

સહકારી ક્ષેત્રમાં વર્ષો સુધી પશુપાલકો-ખેડૂતોની સાથે રહીને સેવામાં સતત સક્રિય રહેવા બાદ સન્માનિત થવાની ખુશી વ્યક્ત કરતાં બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઇ ચૌધરીએ કહ્યું હતું, ‘વર્ષો સુધી કામ કર્યું હોય અને એ કામને બિરદાવવામાં આવે તેમજ સન્માન આપવામાં આવે એ જીવનની કીમતી પળ છે, જે એક વિશેષ લાગણી આપે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઇ ચૌધરીએ બનાસ ડેરીમાં નવી નવી ક્રાંતિ લાવવાની અનેક પહેલ હાથ ધરી છે, દૂધ સંપાદનના વહીવટને શ્રેષ્ઠ રીતે સંભાળ્યો છે.

બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજીના શુભ હસ્તે એવોર્ડ મળવો એ લાખો પશુપાલકો માટે પ્રેરણાદાયી છે, કારણ કે એમના જ માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ પશુપાલકો અને ખેડૂતો માટે ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે, યોજનાઓ અમલમાં મૂકી છે અને ડેરીમાં નવીનીકરણ કરીને વિસ્તૃતીકરણ કર્યું છે એવું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીને ‘ડૉ. વર્ગીસ કુરિયન-૨૦૨૩ એવોર્ડ’ મળવા પર ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું. મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ડૉ. વર્ગીસ કુરિયન એવોર્ડ ચેરમેનશ્રીને અર્પણ કરીને એમના માર્ગદર્શન અને સક્ષમ નેતૃત્વ માટે અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



# બનાસકાંઠાના ‘નવા’ ગામનું નવું કદમ

## બનાસ ડેરીના સહયોગથી દેશમાં સૌપ્રથમ ક્લસ્ટર આધારિત મોડલ સફળતાપૂર્વક સ્થાપિત કરવા માટે કરાયું આયોજન

### માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના બતાવેલા માર્ગ પર ચાલીને ખેડૂત અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે બનાસ ડેરી કટિબદ્ધ છે - ચેરમેન શ્રી શંકરભાઈ



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી હંમેશાં દેશના ખેડૂતો, પશુપાલકો અને ગામડાંઓના વિકાસ માટે કટિબદ્ધ રહ્યા છે. એમના નેતૃત્વમાં પશુધનના છાણમાંથી પણ ખેડૂતોને આવક મળતી થાય એ ઉમદા અભિગમ સાથે ગોબરધન નામની યોજના શરૂ કરવામાં આવી છે, જે ખેડૂતોની આવકને બમણી કરવાનું સચોટ માધ્યમ બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણા અને દીર્ઘદૃષ્ટિથી સ્વચ્છ ભારત મિશનની અસર ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળી રહી છે. જ્યારે ઓ.ડી.એફ.થી ઓ.ડી.એફ. પ્લસના ઘટકોમાં ક્લસ્ટર આધારિત ગોબરધન યોજનાને ગ્રામીણ સ્વચ્છતાના રૂપમાં દેશભરમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. બે ઘનમીટર ક્ષમતા ધરાવતી ક્લસ્ટર આધારિત ગોબરધન યોજનામાં લાભાર્થી એક ગામના ૨૦૦ વ્યક્તિઓના સમૂહમાં હોય છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ક્લસ્ટર આધારિત ગોબરધન યોજનાની મહત્ત્વાકાંક્ષી પહેલ સ્વરૂપે બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને બનાસ ડેરીએ સાથે મળીને દેશમાં સૌપ્રથમ ક્લસ્ટર આધારિત ગોબરધન યોજના અંતર્ગત પ્લાન્ટ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. બનાસ ડેરીએ રાજ્ય સરકાર સાથે મળીને ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં આવેલ નવા ગામને સંપૂર્ણ બાયોગેસ પ્લાન્ટથી સજ્જ કરવાનું સફળતાપૂર્વક આયોજન સ્થાપિત કર્યું છે, જે ગામના વિસ્તારને સ્વચ્છ, પ્રદૂષણમુક્ત અને સ્વચ્છ ઊર્જા બનાવવામાં ઘણી મદદ કરે છે. ગોબરધન યોજનાનો મૂળ હેતુ ગામડાંઓને સ્વચ્છ બનાવવાનો, પશુઓના ગોબર અને ખેતરોને સોલિડ વેસ્ટ પદાર્થોને કમ્પોસ્ટ તેમજ બાયોગેસમાં પરિવર્તિત કરી તેમાંથી ધન અને ઊર્જા જનરેટ કરવાનો છે.

બનાસકાંઠા જિલ્લાનું નવા ગામ બનાસ ડેરીના મુખ્ય કાર્યાલયથી ૮૦ કિલોમીટર દૂર આવેલું છે. આ વિસ્તારમાં માણસો કરતાં પશુધનની સંખ્યા વધુ છે. ગુજરાત રાજ્યમાં પશુધનની સંખ્યા અહીંયાં વધુ જોવા મળે છે, જેના કારણે દૂધ ઉત્પાદનનો વ્યવસાય

પણ ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. પશુપાલકો મોટા પ્રમાણમાં પશુધન રાખે છે. તેથી તેઓ ઘાસ પણ ભરપૂર પ્રમાણમાં ઉગાડે છે. પશુધનની સંખ્યા વધુ હોવાના કારણે મોટા પ્રમાણમાં ગોબર એકઠું થાય છે. આ બધી વિશેષતાઓ નવા ગામમાં ક્લસ્ટર આધારિત ગોબરધન પરિયોજનાને પરિપૂર્ણ કરવામાં મજબૂત આધાર બની, જેના લીધે દેશનું સૌથી પહેલું ક્લસ્ટર આધારિત ૨૦૦ ગોબરધન પ્લાન્ટ પરિયોજના ધરાવતું નવા ગામ બન્યું છે. બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત રાજ્યનું સૌપ્રથમ ક્લસ્ટર આધારિત મોડલ સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું છે, જેમાં લગભગ રૂ. ૫૦ લાખનો ખર્ચ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૨૦૦થી વધુ પ્રીફેબ્રિકેટેડ પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ તમામ કામગીરીમાં બનાસ ડેરીએ પશુપાલકોમાં જાગૃતિ ફેલાવી, પરિયોજનાની મહત્ત્વતા સમજાવી સાથે પ્લાન્ટ સ્થાપવામાં મોટા પ્રમાણમાં નાણાકીય સહાય પણ કરી છે.

ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશનનો આરંભ અને પ્રભાવિત કાર્ય તેમજ ઓ.ડી.એફ. થી ઓ.ડી.એફ. પ્લસ સુધીની સફરનું સચોટ પરિણામ બનાસકાંઠા જિલ્લાના નવા ગામમાં મળ્યું છે. ઓ.ડી.એફ. પ્લસ ઘટકોમાં મહત્ત્વપૂર્ણ ક્લસ્ટર આધારિત ગોબરધન પરિયોજના ગામના ખેડૂતો-પશુપાલકોને સમૃદ્ધ બનાવવામાં, ગ્રામ્ય વિસ્તારને સ્વચ્છ કરવામાં મદદરૂપ તો બને જ



છે, સાથે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વચ્છ ભારત મિશન અભિયાનને ગતિ આપે છે. દિયોદર તાલુકાના નવા ગામના દરેક પરિવારના ઘરે ગોબરધન પ્લાન્ટ જોઈને તમે જાણશો અને અનુભવ કરશો કે આવું કરવાથી ગામના લોકો, ખેડૂતોને આર્થિક લાભ થાય છે, તેમાંથી બનતી સ્લરીનો ઉપયોગ કરીને લાભાર્થી જૈવિક ખાતર, રાંધણ ગેસ ઉત્પાદનના માધ્યમથી સ્વચ્છ અને સાત્ત્વિક ભોજન તરફ આકર્ષિત થાય છે તેમજ સંપૂર્ણ સ્વચ્છતા તરફ આગળ પણ વધે છે. ગોબરધન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ભારતમાં આયોજિત રીતે સ્વચ્છતા અને પ્રાણીઓના અવશેષોનો ઉપયોગ કરીને કચરામાંથી નાણાં અને ઊર્જા બનાવવાનો છે, જેથી ગામની આજીવિકામાં સુધારો થાય અને ગામમાં જ રહીને લોકો માટે આવકની નવી તકો ખોલી શકાય.

## બાયોગેસ પ્લાન્ટથી નવા ગામના ખેડૂતોને થતા ફાયદા

- પશુપાલકોને રાંધણગેસની સુવિધા મળે છે.
- રાંધણગેસ માટે એલ.પી.જી. ઉપર નિર્ભરતા નહીં રહે.
- બાયોગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરીનો ખાતર તરીકે ઉપયોગ કરે છે.
- ડી.એ.પી. જેવાં કેમિકલ ખાતરોની જગ્યાએ ઓર્ગેનિક ખાતરને પ્રોત્સાહન, જેનાથી ઓર્ગેનિક ખેતીનો વ્યાપ વધશે.
- ખર્ચ ઘટશે અને પૈસાની બચત થશે.



દેશભરમાં સૌપ્રથમ બનાસકાંઠા જિલ્લાના નવા ગામને ગોબરધન યોજના હેઠળ ગોબરગેસ પ્લાન્ટથી સંપૂર્ણ સજ્જ કરવાની ખુશી વ્યક્ત કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે દેશની અર્થવ્યવસ્થામાં ગ્રામીણ ભારતનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું છે. ખેતીની સાથે-સાથે લોકો પશુપાલનનો વ્યવસાય પણ મોટા પાયે કરી રહ્યા છે અથવા એમ કહીએ કે ખેતી અને પશુપાલન એકબીજા સાથે જોડાયેલા વ્યવસાય છે તો પણ ચાલે. ખેતરોમાં ઊગતા પાકોના અવશેષોનો ઉપયોગ પશુધન માટે આહાર તરીકે થાય છે, જ્યારે એ જ પશુધનના મળમૂત્રનો ઉપયોગ ખેતરમાં ખાતર તરીકે થાય છે, જે જમીનને ફળદ્રુપ અને સમૃદ્ધ બનાવે છે, પરંતુ આજના આધુનિક યુગમાં તો પશુધનનું છાણ પણ ખેડૂતોને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ થઈ રહ્યું છે. બનાસ ડેરી દ્વારા દિયોદર તાલુકાના નવા ગામને પસંદ કરી આ ૨૦૦ બાયોગેસ પ્લાન્ટ આખા ગામને આપી સંપૂર્ણ ગામ બાયોગેસ પ્લાન્ટ આધારિત રસોઈ બનાવવા માટે બાયોગેસનો ઉપયોગ કરે તે રીતનું મોડલ પ્રસ્થાપિત કરવાનું આયોજન કરેલ છે, જેના લીધે નાના ગામમાં લાભાર્થીઓ બાયોગેસ પ્લાન્ટમાંથી પોતે રસોઈ બનાવવા માટે ગેસનો ઉપયોગ કરે છે અને પ્લાન્ટમાંથી નીકળતી સ્લરીનો પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખાતર તરીકે ઉપયોગ કરે છે, એ સિવાય લાભાર્થી સ્લરીનું વેચાણ કરીને આવક પ્રાપ્ત કરે છે.



# બનાસ મેડિકલ કોલેજ, મોરિયા: દેશમાં ખેડૂતોની માલિકીની એકમાત્ર સંસ્થા

### બનાસકાંઠામાં મેડિકલ ક્ષેત્રે ક્રાંતિ કરનાર એક અતિમહત્ત્વપૂર્ણ પહેલ - ચેરમેન શ્રી શંકરભાઈ




વર્ષ ૧૯૭૩માં સ્વ. શ્રી ગલબાકાકાનું સિવિલ હોસ્પિટલ, પાલનપુર ખાતે અકાળે અવસાન થયેલ. તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને એમની કાયમી યાદગીરી રહે તે માટે વર્ષ ૨૦૧૬માં સ્વ. ગલબાકાકાની જન્મ શતાબ્દી નિમિત્તે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસકાંઠાના પશુપાલકો અને ખેડૂતોએ આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરવાનો સંકલ્પ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું નક્કી કર્યું હતું, જેના ભાગરૂપે આજે બનાસ મેડિકલ કોલેજ, મોરિયાનું નિર્માણ કરવામાં આવ્યું છે. બનાસ મેડિકલ કોલેજની સ્થાપના અને જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જિલ્લાની સિવિલ હોસ્પિટલનું સંચાલન સંઘને સોંપવામાં આવ્યું હતું, જેનો પ્રારંભ ૨૨ મે, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યો હતો. એ જ વર્ષે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયાસ, રજૂઆત અને જિલ્લામાં હોસ્પિટલ લાવવાની દૃઢ ઈચ્છાશક્તિના કારણે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકાર અને પ્રજા સાથેની ભાગીદારીની પોલિસી અંતર્ગત ડિસેમ્બર-૨૦૧૬માં બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરવાની ઘોષણા કરવામાં આવી હતી. આરોગ્યનીતિ-૨૦૧૬ અંતર્ગત મે-૨૦૧૭માં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ સ્થાપવા માટે અરજી કરવામાં આવી અને ભારત સરકાર દ્વારા ૧૫૦ સીટ માટે ૩૧ મે, ૨૦૧૮ના રોજ બનાસ મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી હતી. બનાસકાંઠામાં એન્જિનિયરિંગ કોલેજ, સાયન્સ કોલેજ અને હવે સ્વ. ગલબાકાકાના નામે બનાસ મેડિકલ કોલેજની શુભ શરૂઆત થવી એ બનાસવાસીઓ માટે



આનંદની વાત છે.

પહેલાંના સમયમાં દેશનાં મોટાં મોટાં શહેરોમાં મેડિકલ કોલેજ જોવા મળતી હતી, ગ્રામ્ય વિસ્તારના લોકોને જો મેડિકલ કોલેજમાં એડમિશન લેવું હોય તો તેઓને બીજી જગ્યાએ જવું પડતું હતું. જે આર્થિક રીતે પણ ઘણુંબધું મોંઘું હતું. તે ઉપરાંત જિલ્લાના લોકોએ સારવાર માટે દૂરના શહેરમાં જવું પડતું, તેમ છતાં યોગ્ય સારવાર ના મળતાં કેટલાય પરિવારજનોને તો પોતાનાં સ્વજનને ખોવા પડતાં હતાં, કારણ કે બનાસકાંઠા વિસ્તારમાં આવી એક પણ મેડિકલ કોલેજ અથવા તો આધુનિક હોસ્પિટલ ન હતી, જેમાં લોકોને યોગ્ય સારવાર મળી શકે, પરંતુ જ્યારથી બનાસકાંઠાના પાલનપુર શહેરના મોરિયા ગામ ખાતે બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી છે ત્યારથી બનાસકાંઠા અને બાજુના રાજ્ય અને શહેરોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણના દરવાજા ખૂલી ગયા છે, સાથે જિલ્લાવાસીઓ અને રાજસ્થાનના લોકો માટે ઉત્તમ સારવાર માટેનો વિકલ્પ પણ ખૂલી ગયો છે.

બનાસ મેડિકલ કોલેજ દેશ અને વિશ્વની એકમાત્ર એવી સંસ્થા છે, જે ખેડૂતો અને પશુપાલકો દ્વારા ચલાવવામાં આવે છે. આ બનાસ મેડિકલ કોલેજના માલિકો ખેડૂતો અને પશુપાલકો છે. બનાસ ડેરીના સ્વ. ગલબાભાઇ નાનજીભાઇ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ મેડિકલ કોલેજનું સંચાલન કરવામાં આવે છે.

બનાસ મેડિકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલનો લાભ બનાસકાંઠા પૂરતો સીમિત ન રહીને સમગ્ર ઉત્તર ગુજરાતની સાથોસાથ નજીકના રાજ્ય એવા રાજસ્થાનના નાગરિકોને પણ મળે છે. બનાસકાંઠામાં બનાસ મેડિકલ કોલેજ આવતાં રાજ્યનાં બાળકોને રાજ્ય બહાર તબીબી શિક્ષણ હેતુ જવું ન પડે તેવી હકારાત્મક સ્થિતિનું નિર્માણ થયું છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના પરિશ્રમથી બનાસકાંઠામાં આ મેડિકલ કોલેજ આવી છે, જેના પરથી એમ કહી શકાય કે ગલબાકાકાએ વાવેલા બનાસના વટવૃક્ષમાં નવી કૂંપળો ફૂટી છે અને વૃક્ષ વિશાળ થયું છે.

## બનાસ મેડિકલ કોલેજમાં પશુપાલકોનાં બાળકો માટેની યોજના

બનાસ મેડિકલ કોલેજમાં પ્રવેશ લેનાર બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોનાં બાળકોને બનાસ મેડિકલ કોલેજમાં એડ્મિશન લીધા બાદ બનાસ શિક્ષણ ફી સહાય યોજના અંતર્ગત ટ્યૂશન ફીમાં ૫૦%ની રાહત આપવામાં આવે છે. બનાસ મેડિકલ કોલેજ ખાતે દર વર્ષે ૨૦૦ નવા વિદ્યાર્થીઓ MBBSના કોર્સમાં એડ્મિશન લેતા હોય છે.

## બનાસ મેડિકલ કોલેજ થકી ગ્રામ્ય વિસ્તારમાં રોગ નિદાન કેમ્પ

બનાસકાંઠાના સરહદી વિસ્તારના લોકોને આરોગ્ય સેવા પૂરી પાડી તેમના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાના ઉમદા અભિગમ સાથે બનાસ મેડિકલ કોલેજ સંચાલિત જનરલ હોસ્પિટલ, પાલનપુરના નિષ્ણાત ડોક્ટરની હાજરીમાં આવશ્યક તબીબી સાધનો અને જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવી ગામડે ગામડે દર્દીઓની સારવાર માટે 'હેલ્થ કેર મહાકેમ્પ'નું વિશાળ આયોજન કરવામાં આવે છે તેમજ સરહદી વિસ્તારના લોકોના ઘરઆંગણે સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી તંદુરસ્ત જીવન આપવાના ઉત્તમ અભિગમ સાથે આરોગ્ય ચકાસણી અભિયાનનું આયોજન પણ કરવામાં આવે છે. આ હેલ્થ કેર કેમ્પમાં તાવ, ખાંસી, માથાનો દુખાવો, હાડકાં, બાળરોગ, આંખ, કાન, નાક, ગળા, સ્ત્રી-રોગ, ચામડીના રોગ, ટી.બી. અને ચેસ્ટ રોગ, જનરલ સર્જરી, ફિઝિયૉથેરાપી, ડેન્ટલ, માનસિક રોગના નિષ્ણાતો ઉપસ્થિત રહીને પ્રજાના આરોગ્યની ચકાસણી કરે છે. આ કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હાડકાં, ચામડી, પેટ, ફેફસાં, આંખ, કાન, ગળા જેવા અનેક રોગોની જરૂરી દવા અને સુવિધાઓ સાથે સારવાર કરવામાં આવી હતી તેમજ આંખે નંબર ધરાવતા લોકોને ચશ્માં પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## લાખો પશુપાલકોના આશીર્વાદનું પરિણામ છે, બનાસ મેડિકલ કોલેજ

### લાખો પશુપાલકો અને બનાસ ડેરીએ એક થઈ બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરી એ સ્વ. ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ છે - ચેરમેન શ્રી શંકરભાઈ



ગલબાભાઈ નાનજીભાઈ પટેલ સંચાલિત બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મળી છે તે બનાસકાંઠા માટે ઐતિહાસિક ઘટના છે. મેડિકલ કોલેજની મંજૂરી લાવવા માટે અનેક સંઘર્ષ કરવા પડ્યા, પરંતુ બનાસ ડેરી, નિયામક મંડળના પડખે ઊભા રહેવાથી અને બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોના આશીર્વાદના લીધે આટલી મોટી સફળતા મળી છે એટલે તેનું તમામ શ્રેય દૂધ ઉત્પાદકોને જાય છે. બનાસ મેડિકલ કોલેજના નિર્માણમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે સહયોગ આપ્યો છે, તેમનો પણ જેટલો આભાર વ્યક્ત કરીએ એટલો ઓછો છે. જિલ્લાના હિત માટે સૌ સાથે મળીને આગળ વધી વિકાસના પથ પર જઈએ એ મહત્ત્વપૂર્ણ છે. બનાસકાંઠામાં મેડિકલ કોલેજ અને આધુનિક હોસ્પિટલનું નિર્માણ થયું છે તેના લીધે જિલ્લાની પ્રજાને અનેક ફાયદાઓ થવા લાગ્યા છે, જેમાં હવે સારવાર અર્થે દર્દીને દૂરના શહેરમાં જવું પડતું નથી, કારણ કે ઘરઆંગણે તમામ પ્રકારની સુવિધા ઊભી કરવામાં આવી છે તેમજ બાકીની જે જરૂરી વ્યવસ્થા છે તે પણ નજીકના ભવિષ્યમાં પૂરી પાડવામાં આવશે. મેડિકલ કોલેજ એ પ્રત્યેક બનાસકાંઠાના નાગરિક માટે ઋણમુક્તિની ઘટના છે.

બનાસની પ્રજા માટે સુખાકારીનાં અનેક સપનાં જોયાં છે તેને સાકાર કરવા માટે મહેનત કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. સારું કામ કરીશું તો અનેક પ્રકારના પડકારો સામે આવશે, પરંતુ આપણે સારું કર્મ કરવાનું છોડી દેવાનું નથી. દૂધ ઉત્પાદકો માટે હોસ્પિટલમાં વિશેષ પ્રકારની સાવ નજીવા દરે સારવાર મળી રહે તે માટે બનાસ ડેરી તેમજ બનાસ મેડિકલ કોલેજ હેલ્થકાર્ડ બનાવશે, જેમાં બનાસ ડેરી પોતાની દૂધ મંડળીઓ પરથી ખેડૂતોનાં નામ, એમનાં બ્લડ ગ્રૂપ, સરનામું, બીમાર તેમજ જે પણ દવા ચાલુ હોય, સાથે ભૂતકાળમાં પણ પરિવારના સભ્યને જે પણ બીમારી હતી તે અંગેની સંપૂર્ણ માહિતી આ હેલ્થકાર્ડ સાથે જોડવામાં આવશે. આ તમામ રેકોર્ડ બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ રાખશે. અકસ્માત કે ઇમર્જન્સીના સમયમાં જે તે ઘાયલ વ્યક્તિના હેલ્થકાર્ડની મદદથી તેની સંપૂર્ણ માહિતી મેળવીને તેને સારવાર આપવાની પૂર્વ તૈયારી કરી શકાશે, સાથે તે વ્યક્તિને કઈ સારવારની જરૂર છે તે પ્રમાણે હોસ્પિટલમાં ખસેડવામાં મદદરૂપ બનશે. બનાસ ડેરી હેલ્થકાર્ડ બનાવીને પશુપાલક અને ખેડૂત પરિવારના દરેક સભ્યોને આપશે તેમજ પોતાની પાસે પણ રાખશે. આપણને બનાસની ધરતી પર આરોગ્યસેવા કરવાનું ઈશ્વરે જે સૌભાગ્ય આપ્યું છે તેને સ્વીકારીને આગળ વધારીએ. કોઈ પશુપાલક બીમાર થાય તો તેના ઘેરથી હોસ્પિટલ સુધી લાવવા માટેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે.

આરોગ્યની ચકાસણી કરવામાં કોઈએ પણ આળસ ના કરવી જોઈએ. જો શરીર સ્વસ્થ હશે તો કોઇ પણ કામ સ્ફૂર્તિથી કરી શકીશું, જીવન જીવવાની મજા આવશે અને આયુષ્ય લાંબું રહેશે તેમજ જીવન જેટલું તંદુરસ્ત બનશે એટલો જ સમાજ તંદુરસ્ત બનશે. કોઇ પણ બીમારી તરત જ આવતી નથી, તેના સંકેતો ધીરે ધીરે દેખાતા હોય છે તો સૌએ પોતાના શરીરનું ચેકઅપ કરાવવું જોઈએ, કારણ એમ કરવાથી શરીરમાં આવતી બીમારી કે રોગને જરૂરી સારવાર લઈને અટકાવી શકાય. જો મેડિકલ કેમ્પમાં કોઈ વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલ લઇ જવાનું જણાશે તો તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એક પણ વ્યક્તિને આરોગ્ય વ્યવસ્થાના અભાવના કારણે હેરાન ના થવું પડે એ માટે બનાસ ડેરી બનાસ મેડિકલ કોલેજ સાથે મળીને સતત કાર્યરત છે.



## બનાસ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલનું આગામી આયોજન

- **તમામ લોકોની સંપૂર્ણ આરોગ્ય તપાસ:** બનાસકાંઠાના તમામ લોકોના સ્વાસ્થ્ય માટે જુદા જુદા રોગો જેવા કે મોઢા અને ગળાના કેન્સર, સ્તન અને ગર્ભાશયના કેન્સર તથા અન્ય કેન્સરનું વહેલું નિદાન તથા સંપૂર્ણ સારવારની વ્યવસ્થા ઉપલબ્ધ કરાશે.
- **મોઢા અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર:** તમાકુ, ગુટખા, બીડી અને સિગારેટથી થતા મોઢા અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ઉપલબ્ધ કરાશે.
- **ગર્ભાશયના કેન્સરનું નિદાન અને સારવાર:** ગર્ભાશયનાં મુખના કેન્સરની સારવારમાં મહત્ત્વપૂર્ણ એવો રેડિયોથેરાપી વિભાગ શરૂ કરાશે.
- **સ્તનના કેન્સરનું નિદાન અને સારવાર:** ગ્રામ્ય કક્ષાએ સ્તનના કેન્સરની વહેલી તપાસ માટે મેમોગ્રાફી મશીન સાથેની મોબાઈલ વાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં કરાશે.
- **હૃદયરોગોનું નિદાન અને આધુનિક સારવાર:** ભવિષ્યમાં હાર્ટએટેક માટે એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરીની સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- **મોબાઈલ બ્લડ બેંક વાનની સુવિધા:** છેવાડા સુધીના ગ્રામ્ય વિસ્તારમાં રક્તદાન વિષેની જાગૃતિ લાવી ગ્રામ્ય કક્ષાએ રક્તદાન કેમ્પ આયોજિત કરવા અત્યાધુનિક મોબાઈલ બ્લડ બેંક વાનની સુવિધા ઉપલબ્ધ કરાશે.
- **મોબાઈલ ડેન્ટલ વાનની સુવિધા:** અંતરિયાળ ગામોમાં દાંતના રોગોના નિદાન અને સારવાર માટે મોબાઈલ ડેન્ટલ વાનની સુવિધા ઉપલબ્ધ કરાશે.
- **આધુનિક લેપ્રોસ્કોપી અને એન્ડોસ્કોપીની સુવિધાઓ:** પેટનાં દર્દોના નિદાન અને સારવાર માટે આધુનિક લેપ્રોસ્કોપી અને એન્ડોસ્કોપીની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.
- **આ.ઈ.સી.યુ. વિભાગમાં બેડની સંખ્યામાં વધારો કરાશે તથા નવું આઈ.સી.યુ. બનાવવામાં આવશે.**
- **હોસ્પિટલના ઉપલબ્ધ વોર્ડમાં નવી પથારીઓ ઉપલબ્ધ કરવામાં આવશે.**
- **ટ્રોમા સેન્ટર ઉપર નવનિર્માણ કરી ઈમારતને ઊંચી કરવાનું આયોજન કરાશે.**
- **આર્થ્રોસ્કોપી, યુરોલોજી તથા સ્પાઈન સર્જરી માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.**
- **જિલ્લામાં જેનેરિક મેડિકલ સ્ટોર શરૂ કરવામાં આવશે.**
- **પાલનપુર અને દિયોદર ખાતે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ આગામી બે વર્ષમાં બનાવવામાં આવશે.**
- **જિલ્લાના દૂધ ઉત્પાદકોને હેલ્થકાર્ડ આપવામાં આવશે.**
- **એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.**





# ૧૧ માસના બાળકનો જીવ બચાવ્યો

## બનાસ સિવિલ હોસ્પિટલમાં ૧૧ માસના બાળકને પાંડુરોગમાંથી મુક્તિ અપાવી ૧૪ દિવસની સફળ સારવાર બાદ રજા અપાઈ



બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પાલનપુર ગામના રહેવાસી શ્રી દક્ષ હિતેશભાઈ રાજપૂત (ઉમર વર્ષ ૧૧ માસ) નામના બાળકને છેલ્લા ઘણા સમયથી તાવ, ઝાડા, ઊલટી, ખાંસી અને શરદી હતી તેમજ શરીરમાં લોહીનું પ્રમાણ પણ ખૂબ જ ઓછું હતું, જેના લીધે હાર્ટ ફેલર થઈ ગયું અને આખા શરીરમાં સોજા આવી ગયા હતા. બનાસ સિવિલ ખાતે લોહીનો રિપોર્ટ કરાવતા શરીરમાં બે ટકા જેટલું લોહીનું પ્રમાણ હતું, જે ઓછામાં ઓછું ચૌદ ટકા હોવું જોઈએ, જેના લીધે બાળક કુપોષણના શિકારનો ભોગ બન્યું હતું. બાળકની ગંભીર સ્થિતિ જોઈને બનાસ સિવિલ હોસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ડ ડો. સુનિલભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ પીડિયાટ્રીક વિભાગના ડોક્ટર અજિત શ્રીવાસ્તવ ડો. શ્રી નેહા શર્મા, ડો. શ્રી આશા પટેલ તેમજ નર્સિંગ ટીમ દ્વારા તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી, જેમાં ઓક્સિજનની સાથે-સાથે બાળકના હાર્ટ ફેલરની દવાઓ આપવામાં આવી હતી અને બાળકના શરીરમાં લોહીનું પ્રમાણ ઓછું હોવાના લીધે બનાસ સિવિલ બ્લડ બેન્ક ખાતેથી બાળકને બે બોટલ (બેગ) નિઃશુલ્ક ચડાવવામાં આવી હતી. ત્યાર બાદ બાળકને કુપોષણ વિભાગમાંથી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો, જેના લીધે બાળકના વજનમાં વધારો નોંધાયો હતો અને બાળક તંદુરસ્ત થયું હતું. ત્યારે બાદ બાળકને સંપૂર્ણ સ્વસ્થ થતાં ૧૪મા દિવસે રજા આપવામાં આવી હતી. બનાસ મેડિકલ કોલેજના આદ્યસ્થાપક શ્રી શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નો થકી બનાસ મેડિકલ કોલેજના ચેરમેન શ્રી પી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે તમામ વિભાગોમાં ઉત્કૃષ્ટ સારવાર આપવામાં આવી રહી છે તેમજ ભવિષ્યમાં વધુ આધુનિક સારવાર મળી રહે તે માટે નવાં સાધનો વસાવવામાં આવી રહ્યાં છે તથા ઓપરેશન થિયેટરો સુસજ્જ કરવામાં આવી રહ્યાં છે, જેથી બનાસકાંઠાની જનતાને અતિ આધુનિક અને સારામાં સારી સારવાર મળી રહે.

# ૭૦થી ૮૦ હજારનું ઓપરેશન કરાયું નિઃશુલ્ક

## બનાસ જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા કરાયું જડબાનું સફળ ઓપરેશન



બનાસ ડેરીના ચેરમેન અને બનાસ મેડિકલ કોલેજના આદ્યસ્થાપક શ્રી શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્ન થકી જનરલ હોસ્પિટલ, પાલનપુર અત્યંત આધુનિક તબીબી સારવારમાં જિલ્લામાં મોખરે છે. બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે તમામ વિભાગોમાં ઉત્કૃષ્ટ સારવાર આપવામાં આવી રહી છે. લાખણી તાલુકાના ધોણા ગામના વતની મનસુખભાઈ વાઘેલા (ઉંમર વર્ષ ૪૦)ને ૨૭ સપ્ટેમ્બરના રાતના સમયે જડિયાલીથી આવતા સમયે ગાય રસ્તામાં આવી જતાં બાઈક અકસ્માત દરમિયાન મોઢાના ભાગે ઈજાઓ થઈ હતી અને મોઢાનું જડબું પણ ફરી ગયું હતું. તેઓને ધુણસોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર લીધા બાદ ડીસાની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. તેઓને મોઢાના ભાગે ગંભીર રીતે વાગેલું હોવાના લીધે બોલવામાં તેમજ ખોરાક લેવામાં તકલીફ પડતી હતી. પ્રાઈવેટ તબીબની સલાહ પ્રમાણે તેઓને ઓપરેશન કરાવવું જરૂરી હતી, પરંતુ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખર્ચ ખૂબ વધુ આવતો હોવાથી પરિવાર ઉપર મોટી આફત આવી પડી હતી. સગાસંબંધીઓનાં સલાહ-સૂચન પ્રમાણે તેઓને બનાસ મેડિકલ સિવિલ હોસ્પિટલ, પાલનપુર ખાતે ૨૮ સપ્ટેમ્બરના રોજ ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા. દર્દીને બેભાન કરવાનું પડકારજનક હતું ત્યારે એનેસ્થેસિયાની મદદથી ઉપરના જડબામાં પ્લેટ નાંખી ડેન્ટલ વિભાગના નિષ્ણાંત ડૉ. નૂપુર કપૂર, તેમજ તેમની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ અંગે બનાસ મેડિકલ કોલેજના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. સુનિલ જોશીએ જણાવ્યું હતું કે દાંત વિભાગમાં જડબાંના ફ્રેક્ચર અત્રે જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે અદ્યતન પ્રકારથી સારવાર કરવામાં આવી રહી છે. જડબાંનાં જે પણ ઓપરેશન હોય તે કરી આપવામાં આવતાં હોય છે, જેમાં જડબાંનાં ફ્રેક્ચર, ગાંઠ દૂર કરવા જેવાં જટિલ ઓપરેશનો કરવામાં આવે છે, જેવાં કે પ્લેટિંગ, વાયરિંગ પ્રકારની સારવાર તથા ઓપરેશન કરવામાં આવે છે. જે ઓપરેશન માટે પ્રાઈવેટ હોસ્પિટલ કે ડેન્ટલ ક્લિનિકમાં લાખો રૂપિયાનો ખર્ચ થાય છે, તેની અત્રે નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે.



# જંગલી વરુ કરડતાં મોઢા પર પહોંચેલી ભારે ઈજાનું કરાયું સફળ ઓપરેશન

## લાખણીની મહિલાને મોઢાના ભાગે જંગલી વરુ કરડતાં બનાસ જનરલ હોસ્પિટલમાં ઓપરેશન કરી સફળ સારવાર કરાઈ



બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના લાખણી ગામનાં વતની શ્રી લીલાબેન મુકેશભાઈ રાજપૂત, જેઓ સવારના પાંચ વાગ્યાના સમયે પોતાના ઘરેથી દૂધ દોહવા માટે જઈ રહ્યાં હતાં તે દરમિયાન અચાનક જંગલ વિસ્તારમાંથી જંગલી પ્રાણી નાર (વરુ) આવી જતાં શરીરના ભાગે હુમલો કરતાં મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, ત્યાર બાદ પરિવારજનો દ્વારા ૧૦૮ મારફતે લાખણી આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યાં હતાં, જ્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યાર પછી વધુ સારવાર અર્થે ડીસા ખાતેની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ ડોક્ટર દ્વારા એક લાખથી વધુ ખર્ચ હોવાનું જણાવતાં ત્યાંથી દર્દીને તેમના પતિ મુકેશભાઈ રાજપૂત દ્વારા બનાસ જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે ઈમર્જન્સી ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યાં હતાં. દર્દીના મોઢાના ભાગે ગંભીર રીતે ઊંડો, ઘા પડી ગયો હતો, મોઢું પણ કચડાઈ ગયું હતું અને મોઢા પરની નસો પણ તૂટી જવા પામી હતી. ઘા ઘાતક હોવાના લીધે ઉપરનું જડબું દેખાવા લાગ્યું હતું, જેના લીધે બનાસ મેડિકલ કોલેજના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. સુનિલ જોશીના માર્ગદર્શન હેઠળ ડૉ. નૂપુર કપૂરની આગવી કોઠાસૂઝથી ચહેરા પરના ઘાવ અને નસોનું ફરી જોડાણ કરી બેડોળ બની ગયેલા ચહેરાને પહેલાં જેવી ચમક આપવામાં આવી હતી. તબીબ દ્વારા ઝીણવટભર્યા ટાંકા લઈ આ ઓપરેશનથી થતા નુકસાન જેવા કે મોઢા પર બહેરાશ આવવી, કાયમી ડાઘ પડવા જેવી તકલીફો નિવારાઈ હતી. લાખો રૂપિયાના ખર્ચે થતું ઓપરેશન નિઃશુલ્ક કરાયું હતું. આ અંગે દર્દીના પતિએ બનાસ સિવિલ હોસ્પિટલ પરિવાર સહિત ડોક્ટર તેમજ મેડિકલ નર્સિંગ સ્ટાફનો આભાર માન્યો હતો.

# બનાસ ડેરી દ્વારા દાંતીવાડાના જેગોલની શિવનગર દૂધ મંડળી ખાતે ૧૬ ગાયોમાં એમ્બ્રિયો ટ્રાન્સફર કરાયા



કાંકરેજ ગાયની ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો થાય અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભારતમાં સૌપ્રથમવાર એન.ડી.ડી.બી.ના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ટેક્નોલોજીની મદદથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો વધુ દૂધ આપતા પશુધનને રાખે અને વધુ આવક મેળવતા થાય એ દિશામાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે તાજેતરમાં દાંતીવાડા તાલુકાના જેગોલ ગામની શિવનગર દૂધ મંડળી ખાતે ગર્ભ પ્રત્યારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ૧૫ એચ.એફ. અને ૧ કાંકરેજ ગાયને પસંદ કરવામાં આવી હતી, જેમાં સરેરાશ ૨૦ લિટર દૂધ ઉત્પાદન આપતી કાંકરેજ ગાયના ગર્ભ આણંદ (NDDB) ખાતેની લેબોરેટરીમાં તૈયાર કરી અહીં લાવવામાં આવ્યા હતા. બનાસડેરી ખાતેથી ૭ ડોક્ટરોની ટીમ, જેમાં ડૉ. લલિત પટેલ તેમજ તેમની ટીમ દ્વારા ગર્ભની ચકાસણી કરી એમ્બ્રિયો ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પશુપાલકોમાં ગર્ભ પ્રત્યારોપણ અને બનાસ ડેરી ના વિવિધ પ્રોજેક્ટો વિશે માહિતી મળે એ માટે એક શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરીના વિસ્તરણ અધિકારી તેમજ સુપરવાઈઝર સહિત મોટી માત્રામાં પશુપાલકો ખેડૂતો હાજર રહ્યા હતા. બનાસ ડેરી દ્વારા ભવિષ્યનાં આયોજનો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, જેમાં બનાસ ડેરીના ડી.એચ. વિભાગના ડૉ. હરિભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડોક્ટર આર.ડી. જોષી દ્વારા ગર્ભ પ્રત્યારોપણ વિશે માહિતી આપવામાં આવી હતી. પશુપાલન વ્યવસાયમાં ઝડપી પ્રગતિ અને પશુદીઠ દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના ઉમદા હેતુ બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો અમલ શરૂ કર્યો છે. બનાસ ડેરી પોતાના નવા નવા સહકારી વ્યવસાયોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને આગળ વધી રહી છે, જેનો ફાયદો પશુપાલકો, ખેડૂતો અને જિલ્લાને મળી રહ્યો છે. એશિયાની નંબર વન બનાસ ડેરી પશુપાલકોની આવકમાં વધારો થાય તેવા હેતુ થી આગળ વધી રહી છે ત્યારે વધુ ખેડૂતો તેમજ પશુપાલકોના હિતમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી (ET)થી ભવિષ્યમાં એક ગાય દૈનિક ૨૦થી ૨૫ લિટર દૂધ આપશે, જે પશુપાલન ક્ષેત્રે મોટી ક્રાંતિ સમાન છે. બનાસકાંઠા જિલ્લાની રણમાં મીઠી વીરડી સમાન બનાસ ડેરી સતત નવી નવી ટેક્નોલોજી અપનાવી રહી છે, જેમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી (ET)નું ઉચ્ચતમ પરિણામ અલગ અલગ તાલુકા મથકે મળી રહ્યું છે. કાંકરેજ ગાયની ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો થાય અને પશુપાલકો પશુદીઠ વધુ દૂધ ઉત્પાદન કરી પશુપાલક આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વર્ષ ૨૦૨૧માં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરાવ્યો હતો.



# બનાસની નારીશક્તિને **નમન**

## સહકારીથી સમૃદ્ધિ, સામાજિક જીવન અને રાષ્ટ્રના ઉત્કર્ષમાં યોગદાન આપતી મા જગદંબા સ્વરૂપ બનાસની મહિલા શક્તિને નમન કરું છું - ચેરમેન શ્રી શંકરભાઈ



કોઈ પણ રાષ્ટ્રના વિકાસનું આકલન તે દેશની મહિલાઓની સ્થિતિ પરથી કરવામાં આવે છે. દરેક વ્યક્તિની પૃષ્ઠભૂમિ મહિલાઓના હાથે લખવામાં આવે છે. દરેક વિકાસના પાયામાં સ્ત્રીની ભૂમિકા હોય છે અને દરેક ઉપલબ્ધિ પાછળ કોઈ ને કોઈ મહિલાનું યોગદાન રહેલું હોય છે. ૮ માર્ચના દિવસે દુનિયામાં વિશ્વ મહિલા દિવસ ઊજવવામાં આવે છે, જે એક તક છે કે આપણે નારીશક્તિને સમજીએ. એમના વિકાસ, પ્રગતિ અને સશક્તીકરણ માટે કંઈક કરીએ. કોઈ મૂળિયાં અથવા છોડ, જેનામાં ફૂલો ખીલે છે, તેને પાણી ના આપવામાં આવે તો તે સ્વાભાવિક રીતે હતાશ થઈ જાય છે. જો મહિલા શક્તિને અભિવ્યક્તિ ના મળે તો હતાશા તરફ લઈ જશે માટે મહિલાઓ-સ્ત્રીઓને પુરુષોના સરખા પ્રમાણમાં જ રાખવી જોઈએ, એમને સમાનતા આપવી જોઈએ. આપના સમાજમાં દીકરીને લક્ષ્મીનું સ્વરૂપ માનવામાં આવે છે. જ્યારે દીકરી પોતાના પગ ઉપર ઊભી હોય તો જ તે પોતાની સ્વતંત્રતા જાળવી રાખી શકે છે. મહિલા સશક્તીકરણ એટલે એવું નહીં કે મહિલાઓ પેન્ટ-શર્ટ પહેરતી થાય એટલે એ સશક્ત થઈ ગઈ, ભલે એનો પહેરવેશ ગમે તે હોય પણ એમનામાં શિક્ષણ વધારે હોય, સૌમ્યતા હોય અને આર્થિક સ્વાવલંબી બનીને સંસ્કારો સાથે આખા પરિવારને આગળ લાવવાનું કામ કરી શકે અને આ બધું ઘરની અંદર રહીને કે એમને નીચું દેખાડીને કે તારાથી આ



નહીં થાય એવી બધી માન્યતાઓ રાખીશું તો ક્યારેય નહિ થાય તો બદલાવ આપણે ત્યાંથી જ કરવો પડશે અને આ ઉત્તમ કાર્યમાં બનાસ ડેરીએ શરૂઆત કરી છે. મારું માનવું છે કે મારા જિલ્લાની બહેનોને ક્લાસ વન અધિકારી કરતાં પણ વધારે પગાર મળે અને દેશની અંદર બનાસકાંઠામાં દૂધના વ્યવસાય થકી જે મહિલાઓ લાખો રૂપિયા કમાય છે તે આંકડો વધુ ઊંચો વધે એવું ઈચ્છું છું. સ્વ.ગલબાકાકાનું સપનું હતું કે વિધવા બહેન પણ દાતરડાના હાથા પર જીવન ગુજારી સ્વમાનભેર જીવન જીવે તો એમના સપનાને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીના માધ્યમથી આગળ લઈ જઈ રહ્યા છે. મહિલા કે દીકરીને એટલે જ જરૂરથી ભણાવવી જોઈએ કે તે પોતાના ગુજરાન માટે કોઈના ઉપર આધાર ના રાખે. જ્યારે દીકરી-સ્ત્રી સ્વતંત્ર હશે ત્યારે તેને પોતાની શક્તિનો અનુભવ થશે, તેને સ્વતંત્રતાનો અહેસાસ થશે અને તે ખરા અર્થમાં સશક્ત થશે.

આજથી ઘણાં વર્ષો પહેલાં બનાસકાંઠાની પરિસ્થિતિની વાત કરીએ તો મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ન હતું, સ્ત્રી ફક્ત ઘરનું કામ કરતી જોવા મળતી, મહિલાઓ પુરુષોની સમકક્ષ મશીનો તથા પ્રયોગશાળામાં ક્યારેય કાર્ય કરતી ન હતી, પુરુષોની માફક મહિલાઓ ખેતી કરતાં ન હતી જોવા મળતી. એવું કહેવામાં આવતું હતું કે બનાસકાંઠા વિસ્તારમાં કોઈ પણ પ્રકારની રોજગારી ન હતી, જેના લીધે અહીંના લોકો રોજગારી માટે સ્થળાંતર કરતાં. પુરુષો જ ખેતી કરીને ગુજરાન ચાલવતા. સમાજમાં મહિલાઓ પ્રત્યેની એટલી જાગૃતતા ન હતી એટલે મહિલાઓને સમાજમાં ઉચ્ચ દરજ્જો મળતો ન હતો અને આર્થિક ક્ષેત્રે ખૂબ જ પછાત હતી. પરંતુ અત્યારે જો પહેલાંની પરિસ્થિતિને વર્તમાન સ્થિતિ સાથે સરખાવવામાં આવે તો પરિણામ એકદમ જુદું છે. અત્યારે મહિલાઓ પુરુષોની માફક જ ખેતી કરતી થઇ છે અને આર્થિક ક્ષેત્રે મજબૂત બની છે. હવે મહિલાઓની સ્થિતિમાં મોટા ફેરફારો આવ્યા છે અને આ સકારાત્મક ફેરફારો પાછળ એટલે કે મહિલા સશક્તીકરણ વધવાનું એકમાત્ર કારણ છે, બનાસડેરી. બનાસ ડેરી થકી મહિલાઓ ખેતી કરતી તો થઇ છે સાથે તેઓએ પશુપાલન વ્યવસાય અપનાવીને ભારત દેશની અંદર પોતાની આગવી છાપ પણ છોડી છે. બનાસ ડેરી દ્વારા મહિલાઓને શિક્ષણ મેળવવાની તક મળી છે, સમાજમાં સન્માન મળ્યું છે, રોજગારી મળી છે, એમનામાં આત્મવિશ્વાસ જાગ્યો છે અને સાથે પોતાના પરિવારનું નામ રોશન કરવાની તક મળી છે. બનાસકાંઠા જિલ્લામાં આજની સ્ત્રીઓ સ્વનિર્ભર છે, પોતાનો ખર્ચ જાતે ઉઠાવે છે, પોતાની સ્વતંત્ર ઓળખ ધરાવે છે. બનાસ ડેરી દ્વારા જિલ્લાના ૧૬ તાલુકાઓમાં દૂધ મંડળીઓ ચલાવવામાં આવે, જ્યાં મહિલાઓને પ્રાધાન્ય આપીને એમને મંડળી સાથે જોડવામાં આવે છે અને પશુપાલન વ્યવસાય અંગે જ્ઞાન અને જાગૃત કરવામાં આવે છે. દર વર્ષે મહિલાઓ વધુ ને વધુ જોડાતી જાય છે અને ડેરી પણ વધુ મહિલાઓને મંડળી સાથે જોડીને સહાય કરવાનો પ્રયાસ કરતી રહે છે.

બનાસકાંઠામાં મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. પહેલાં મહિલાઓ ફક્ત ઘરનું કામકાજ કરતી હતી, જેના કારણે ઘરની આખી જવાબદારી પુરુષ ઉપર જ રહેતી હતી અને પરિવાર આર્થિક રીતે મજબૂત થઇ શકતો ન હતો પણ બનાસ ડેરી થકી જે મહિલાઓ પશુપાલનનો વ્યવસાય ન હતી કરતી એ બધાએ આ વ્યવસાયમાં ઝંપલાવ્યું. મહિલા સશક્તીકરણને પ્રોત્સાહન આપવા માટે બનાસ ડેરી દ્વારા સૌથી વધુ દૂધ ભરાવે તેમને શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી એવોર્ડ અને અમુક રોકડ રકમનું ઈનામ આપવામાં આવે છે તેમજ રાજ્ય સરકાર તરફથી શ્રેષ્ઠ પશુપાલન વ્યવસાયમાં પણ સન્માન આપીને બિરદાવવામાં આવે છે, જેના કારણે મહિલાઓને વ્યવસાય કરવામાં પ્રોત્સાહન મળે છે અને સશક્તીકરણ વધે છે. ખેતી કરતો વર્ગ મોટા ભાગે અશિક્ષિત અથવા અલ્પશિક્ષિત હોય છે પણ અહીંયાં બનાસકાંઠામાં મોટી મોટી ડિગ્રી ધરાવતી મહિલાઓ સાથે અશિક્ષિત મહિલાઓ દુધનો વ્યવસાય કરીને વર્ષે કરોડો રૂપિયા કમાતી થઈ છે, જે સ્ત્રી-સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. બનાસ ડેરી સાથે જોડાઈને મહિલાઓ દૂધના વેપારમાં મોટો ફાયદો મેળવીને લાખોની કમાણી કરે છે. ગુજરાત દૂધ ઉત્પાદક મંડળીઓમાં ૧૦ મહિલાઓ એવી છે કે જેમણે વર્ષના એક કરોડની આજુબાજુની કમાણી કરીને સ્ત્રીશક્તિની તાકાત બતાવી દીધી છે, એટલે કે આ મહિલાઓ દર મહિને ચારથી સાત લાખ રૂપિયાની કમાણી કરે છે.

## બનાસ ડેરીના મહિલા સશક્તીકરણની દિશામાં કરાયેલા પ્રયાસોનું સકારાત્મક પરિણામ

- બનાસકાંઠાની મહિલાઓ આર્થિક રીતે સધ્ધર બની.
- રોજગારી પ્રાપ્ત કરીને આત્મનિર્ભર બની.
- ડિજિટલ વ્યવહાર કરતી થઈ.
- પશુપાલન વ્યવસાય થકી પરિવારનો સહારો બની.
- દૂધ મંડળીઓ સંભાળવા સક્ષમ બની.
- સંઘર્ષભર્યા જીવનમાં સફળતા પ્રાપ્ત કરી લાખો મહિલાઓ માટે પ્રેરણાસ્રોત બની.
- ખેતીનું જ્ઞાન પ્રાપ્ત કરી પશુપાલન સાથે ખેતી કરતી થઈ.
- શિક્ષણનું મહત્ત્વ સમજીને શિક્ષણ મેળવતી થઈ.
- મહિલાઓનું સામાજિક અને આર્થિક સ્તર ઊંચું આવ્યું.
- મહિલાઓ અન્ય લોકોને રોજગાર આપતી થઈ છે. અન્ય સંસ્થાઓમાં નોકરીઓ કરતી થઈ છે.
- દરેક તબક્કે મહિલાઓ પણ પોતાનો નિર્ણાયક ભાગ ભજવવા સક્ષમ બની.
- ભારતને વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ બનાવ્યો.